# ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.

બ્લોક નંબર – ૧૮, ત્રીજો માળ, ઉધોગ ભવન, સેકટર – ૧૧, ગાંધીનગર

ફોન નંબર. (૦૭૯) ૨૩૨૪૮૫૧૨/૧૩/૧૪, ફેકસ નંબર – (૦૭૯) ૨૩૨૪૮૫૧૫

CINU74900GJ2010SGC060349

---

**કાયદા સલાહકારની નિમણુક માટે શરતો અને બોલીઓ :**

**નિમણૂંક બાબત :**

1. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.
2. પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઇઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.
3. પસંદગી સમિતિ કામગીરીની દર ત્રણ માસે સમિક્ષા કરી, આ સેવાઓ અસંતોષકારક જણાય તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે.
4. કોઈપણ એક પક્ષે કરારનો અંત લાવવાના કિસ્સામાં એક માસની નોટીસ આપી કરારનો અંત લાવી શકાશે.

**મહેનતાણું અને રજા :**

1. કાયદા સલાહકારને આ જગ્યા પર માસિક રૂ. 60,000/- ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા વિ. મળવાપાત્ર થશે નહીં.
2. કરારના સમય દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહીં.
3. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.
4. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઈ નાણાંકીય લાભ, એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.
5. કાયદા સલાહકારને કંપનીના કામે પ્રવાસ પર જવાનું થાય તો GLPC ના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.
6. તેઓને ૧૧ (અગીયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી.

**અન્ય બાબતો :**

1. કાયદા સલાહકારએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. (સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને GLPC ને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.)
2. તમામ કાયદા સલાહકારએ પોતાના Email તથા Mobile Number GLPC ની HR શાખામાં પૂરા પાડવાના રહેશે.
3. કરાર આધારિત કાયદા સલાહકારએ કંપની નિયત કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.
4. તેઓને ગુજરાત સીવીલ સર્વીસીસ (કન્ડક્ટ) રૂલ્સ - ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયેથી કરારને સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે..
5. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.

Signature Not Verified
Signed by : Sanjay Jayantilal Joshi
Managing Director
Gujarat Livelihood Promotion Company Limited
Date : 2026.05.05 15:03:03 IST

File No: GLPC/other/e-file/405/2024/0276/HR
Approved By: Chairman,NRLM,GLPC
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

6. નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં GLPCમાં ફરજ હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**ફરજો/કામગીરી :**

1. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ. કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહીં. પરંતુ, GLPC નાં નક્કી કરેલ વકીલ કે સરકારના સંબંધિત સરકારી વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતો થી અવગત કરાવવાના રહેશે તથા GLPC નાં નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.
2. કાયદા સલાહકાર GLPC કક્ષાએ કેસોનાં મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોની નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી GLPC ને દર સપ્તાહે અચુક રજૂ કરવાની રહેશે.
3. GLPC સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, GLPC નાં વકીલશ્રીને, સરકારી વકીલશ્રીને સહાયરૂપ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.
4. Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of Government Rules-2009 ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર (સરકારી વકીલ) ને યોગ્ય સૂચના-માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.
5. રીસર્ચ (સંશોધન) ની કામગીરી.
6. Statement of fact અને નોંધ તથા પેરા વાઇસ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સબંધિત નામ. કોર્ટના સરકારી વકીલશ્રીને પુરા પાડવા.
7. સરકાર વતી સમયસર એફીડેવીટ-ઇન-રીપ્લાય તૈયાર કરી સમયસર(Well in time) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ/ક્વોસી જ્યુડીશીયલ કચેરીઓ/હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ સમક્ષ GLPC, સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.
8. કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે GLPC, રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.
    1. Focusing on core Issues involved in the litigation and addressing them squarely.
    2. Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
    3. Ensuring that correct facts and all relevant document will be placed before the court.
    4. Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal
    5. Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.
9. GLPC કચેરીના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online portal પર મોનીટરીંગ કરવાનું રહેશે.
10. કાયદા સલાહકાર એ GLPC અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓના હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોટર્સ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી GLPC ના સંબંધિત સરકારી અધિકારીઓને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.
11. કોર્ટમાં દરેક તારીખે GLPC જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.
12. GLPC ના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સબંધે GLPCને જાણ કરવાની રહેશે.
13. કાયદા સલાહકાર એ GLPCના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યાં કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે આપવાનો/મેળવી આપવાનો રહેશે.
14. સરકારશ્રીમાં GLPC ના કેસો જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી GLPCને અવગત કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : Sanjay Jayantilal Joshi
Managing Director
Gujarat Livelihood Promotion Company Limited
Date : 2026.05.05 15:03:03 IST

15. આ ઉપરાંત, GLPC વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

Signature Not Verified
Signed by : Sanjay Jayantilal Joshi
Managing Director
Gujarat Livelihood Promotion Company Limited
Date : 2026.05.05 15:03:03 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign